ફોજદારી કેસ નં. **૧૮૩૨/૨૦૧૩**
આંક–૧ તળે હુકમ

ફરીયાદીની ફરીયાદ વંચાણે લીધી, હાલની ફરીયાદ **૨૦૧૩** ના વર્ષમાં દાખલ કરેલ છે. સદર કામે અદાલત ધ્વારા આરોપી સામે પ્રોસેસ ઇશ્યુ કરવાનો હકમ કરવામાં આવેલ પરંતુ રેકર્ડ જોવામાં આવે તો ફરીયાદ પક્ષ ધ્વારા સદરહુ કેસની કાર્યવાહી આગળ ચલાવવા કોઇ જ દરકાર લીધેલ નથી કે કોઇ જ કાર્યવાહી કરેલી નથી.

સદર કામ અત્રેની અદાલતમાં ઘણા સમયથી પેન્ડીંગ હોય પરંતુ રેકર્ડ જોવામાં આવે તો ફરીયાદી ઘણા સમયથી કોર્ટમા હાજર રહેલ નથી.તેમના વિધ્વાન વકીલ શ્રી અદાલત સમક્ષ હાજર રહેલ છે અને કેસની કાર્યવાહી માટે કોઇ જ રજુઆત કરેલ નથી વધુ આંક–૭૩ થી નો–ઇન્સ્ટ્રકશન પુરશીષ રજુ કરેલ છે જે વંચાણે લેતા સદરહુ કામના ફરીયાદીને કોર્ટ ધ્વારા નોટીસ કરેલ છે જે આંક–૭૫ થી વગર બજે અદાલતમાં રજુ થયેલ છે જે નોટીસ નો શેરો વંચાણે લેતા આજ દીન સુધી હાલની ફરીયાદની કાર્યવાહી આગળ ચલાવવા ફરીયાદ પક્ષે કોઇ પણ નોંધપાત્ર તજવીજ હાથ ધરેલ નથી અને હાલની ફરીયાદ ઘણા લાંબા સમયથી અત્રેની અદાલત સમક્ષ પડતર પડી રહેલ છે અને આવા કેસો મોટી સંખ્યામાં અદાલતમા પડી રહેવાના કારણે જે કેસોની કાર્યવાહી અદાલતે ખરેખર હાથધરી પક્ષકારોને ન્યાય આપાવવો જોઇએ તેવી અદાલતી કાર્યવાહીમાં ન્યાય વિલંબીત બને છે.

આમ, સદર કામે **ભવાની ટેકસટાઇલ્સ મીલ્સ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, ક્રીમીનલ અપીલ નં. ૨૪૦૫/૨૦૦૯ ગુજરાત હાઇકોર્ટ જજમેન્ટ તારીખ ૧૮.૦૧.૨૦૧૦** ના ચૂકાદામા નામદાર ગુજરાત રાજયની વડી અદાલતે પણ ઠરાવેલ છે કે જો ફરીયાદી પોતાની ફરીયાદમાં યોગ્ય પ્રક્રીયા અનુસરીને ન્યાયીક કાર્યવાહી આગળ ધપાવવામાં નીષ્ફળ જાય તો, તેવા કીસ્સામાં અદાલતે ફરીયાદીની ફરીયાદને ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવા સબંધેનો ફરમાવેલો હુકમ ન્યાયોચીત હોવાનુ ઠરાવેલ છે.

આ કામે પણ આગળ ઉપર ચર્ચા કર્યા મુજબ ફરીયદીએ ફરીયાદ દાખલ કર્યા બાદ આગળની યોગ્ય ન્યાયીક કાર્યવાહી આગળ ધપાવવા સબંધે કોઇ જ નોંધ પાત્ર કાર્યવાહી હાથ ધરેલ નથી કે જેના કારણે ફરીયાદીની કાર્યવાહી આગળ ચલાવીને તેનો ન્યાયી નિર્ણય અદાલત કરી શકે તેમ નથી. તેવા સંજોગોમાં હાલની ફરીયાદ સબંધે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવો એ ન્યાયોચીત જણાય છે.

**:: આખરી હુકમ ::**

ફરીયાદીની ફરીયાદ ડીસમીસ ફોર ડીફોલ્ટ કરી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે. હુકમ **ડીસ્ટ્રીકટ લીગલ સર્વિસ ઓથોરીટી, રાજકોટના પત્ર ક્રમાંક નંબર ૪૨૧/૨૦૨૧ તારીખ ૦૮/૦૯/૨૦૨૧** ના સ્પેશ્યલ સીટીંગમાં હુકમ મુજબ આજરોજ ખુલ્લી અદાલતમાં હુકમ જાહેર કર્યો.

તા.૧૧/૦૯/૨૦૨૧
રાજકોટ.

**(મનોજકુમાર રાધેશ્યામ લાલવાણી)**
૧૫માં અધીક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
રાજકોટ.(યુ.આઇ.સી. નં. જીજે૦૧૧૨૪)